અપીલ અરજી નં.૧૭૫ તા.૧૭–૯–૦૮

અરજદારઃ શ્રીમતી કાશ્મીરા અજીતકુમાર ભટ્ટ
સામાવાળાઃ(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન
(૨) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી

## હુકમઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રીમતી કાશ્મીરા અજીતકુમાર ભટ્ટની તા.૧૪–૮–૦૮ ની અરજીથી કપાદ્રા વિસ્તારમાં આવેલ કલાકુંજ સોસાયટીના પ્લોટ નં.૬૯,૭૦,૭૧,૭૨ પાછળના ખુલ્લા પ્લોટની માલિકી સુરત મહાનગરપાલિકાની છે નહેર ખાતાની વિ. મુદ્દા નં.૧ થી ૧૭ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૭–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૭૫/૨૦૦૮–૦૯

શ્રીમતી કાશ્મીરા અજીતકુમાર ભટ્ટની તા.૧૪–૮–૦૮ ની અરજીથી કપાદ્રા વિસ્તારમાં આવેલ કલાકુંજ સોસાયટીના પ્લોટ નં.૬૯,૭૦,૭૧,૭૨ પાછળના ખુલ્લા પ્લોટની માલિકી સુરત મહાનગરપાલિકાની છે નહેર ખાતાની વિ. મુદ્દા નં.૧ થી ૧૭ની માહિતી આપવા બાબતે મુદ્દા નં.૧,૫,૬,૧૦,૧૪ ,૧૫ ની માહિતી અધુરી તથા મુદ્દા નં.૪ ની માહિતી આપેલ ન હોવાનું જણાવી તેવા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૮૩ તા.૨૪–૯–૦૮થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારીને પત્રપાઠવવામાં આવેલ.જેના અનુસંધાને તેઓ તરફથીઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૭૫૮તા.૧૮–૯–૦૮ થી અપીલ અરજી સાથે માહિતી આપવામાં આવેલ.

અરજદારે અપીલ અરજીમાં મુદ્દા નં.૧,૪,૫,૬,૧૦ અને ૧૪,૧૫ અંગે અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં.૪ બાબતે જાહેર માહિતી અધિકારીએ અરજદારજી જાણ હેઠળ ઈ.ઝેડ/આરટીઆઈ સેલ/૭૫૮ તા.૨૭–૮–૦૮ થી ટાઉન પ્લાનીંગ અધિકારી અને મ. જાહેર માહિતી અધિકારીને તબદીલ કરેલ છે. મુદ્દા નં.૬ અંગે પ્રશ્ન ૫ માં પુછેલા દબાણ નહેર વિભાગના ખુલ્લા પ્લોટમાં ધર્મનંદન કોમ્પ્લેક્ષ અને મમતા પાર્ક વિ–૧ નું કેટલું દબાણ બાબતે નોટીસોની માહિતી માંગેલ છે જે આપેલ જણાતી નથી. મુદ્દા નં.૫,૧૪ અને ૧૫ અંગે નિયત ફી ભરી માહિતી મેળવવાનું જણાવેલ છે પરંતુ અરજદાર તરફથી ફી ભરી માહિતી મેળવેલ હોઈ તેવું જણાતું નથી. અરજદારે માંગેલ માહિતીમાં મુદ્દા નં.૫ તથા ૧૪ બાબતે આંકડાકીય માપની વિગતો માત્ર માંગેલ છે. તે સામે જાહેર માહિતી અધિકારી ધ્વારા ફી ભરી પ્લાનની નકલો મેળવવા જણાવેલ છે. જે પ્રસ્તુત અરજીમાં અરજદારે માંગેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૪–૮–૦૮ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી મુદ્દા નં.૪ , ૫ તથા ૧૪ અંગે અરજદારને નહીં પૂરી પાડેલી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા અનુક્રમે ડાયરેકટર ઓફ પ્લાનીંગ (ટાઉન પ્લાનીંગ) અને જાહેર માહિતી અધિકારી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે. મુદ્દા નં.૬,૧૦ અને ૧૫ અંગે અરજદારને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી હકીકતલક્ષી માહિતી પૂરી પાડવામાં આવેલ હોઈ તે અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. જયારે અપીલના તબકકે અરજદાર ધ્વારા માંગણી કરેલ મુદ્દા નં.૧ અને ૫ માટે મુળ અરજીથી અલાયદી માહિતી અંગે અરજદાર કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી લાગત જાહેર માહિતી અધિકારી અધિકારી કક્ષાએથી અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી અને ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ..........
જાણ તથા અમલ માટે.
(૨) શ્રીમતી કાશ્મીરા અજીતકુમાર ભટ્ટ,